## ગુનાખોરી અટકાવવા જાહેર સ્થળોએ હાઈ ડેફીનેશન સીસીટીવી કેમેરા લગાવવા ફરજીયાત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર અને જિલ્લામાં બની રહેલા ગંભીર પ્રકારના ગુન્હાઓ અટકાવવા જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામાનો અમલ કરવામાં નહિ આવે તો પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં ગુનાખોરીનો પારો સતત ઉંચેને ઉંચે ચઢી રહ્યો છે. ત્યારે જિલ્લા કલેકટરે જાહેર જગ્યાઓ ઉપર ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવા જાહેરનામું બહાર પાડયું છે. જિલ્લામાં બનતા મિલ્કત વિરુધ્ધના તેમજ જાનમાલની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સીસીટીવી કમેરા લગાવવા જણાવવામાં આવ્યું છે.

જાહેરનામામાં હાઈવે વિસ્તાર પર આવેલ હોટલ્સ, પેટ્રોલ પંપ, ટોલ પ્લાઝા, બેંક વિસ્તાર, શોપીંગ સેન્ટર, મલ્ટીપ્લેક્ષ થિયેટર, રેલવે સ્ટેશન, મંદિર વિસ્તાર, ધર્મશાળા સહિતના વિસ્તારમાં નાઈટ વિઝન અને હાઈ ડેફીનેશન વીથ રેકોર્ડીંગ સિસ્ટમવાળા ફિકસ કેમેરા લગાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ૩૦૭ કલમ દૂર કરવા રબારી-ઠાકોર સમાજે કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

### સમાધાન કરવા આવેલ લોકો પર પોલીસે દંડો ઉગામતા મામલો બિચક્યો હોવાનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામમાં બે દિવસ પૂર્વે ઠાકોર અને રબારી સમાજ વચ્ચે જૂથ અથડામણ થવા પામી હતી. હુમલામાં પોલીસ ઉપર હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ પોલીસે ૮૨ આરોપીઓની ધરપકડ કરી હતી. ધરપકડને લઈને બંને જ્ઞાતિના આગેવાનોએ આજે કલેકટરને આવેદન પત્ર આપ્યું હતું અને ખોટી રીતે આરોપ લગાવવામાં આવ્યા છે તેમ જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરની પાસેના અડાલજ ગામમાં ગત શનિવારે દૂધ ભરવા જેવી નજીવી બાબતે રબારી અને ઠાકોર સમાજના જૂથો વચ્ચે બબાલ થવા પામી હતી. આ ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પરંતુ સ્થળ પર પહોંચેલ પોલીસ ઉપર બન્ને જુથોના ટોળા દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

પથ્થરમારામાં પી.આઈ., પી.એસ.આઈ. અને કોન્સ્ટેબલને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેથી પોલીસ દ્વારા ટોળા ઉપર ફરિયાદ કરવામાં આવી હતી. અને બન્ને જ્ઞાતિના ૮૨ આરોપીઓની ધરપકડ કરી હતી. આ ધરપકડને લઈને આજે બન્ને જૂથોના અગ્રણીઓએ કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું.

જેમાં જણાવ્યું હતું કે સમાજ સમાધાન કરવા આવ્યો હતો અને પોલીસે મારઝુડ કરવાનુ શરૂ કર્યું હતું. જેથી ઉપસ્થિત લોકોએ કાયદો હાથમાં લીધો હતો. ત્યારે પોલીસે જે ૮૨ લોકોની ધરપકડ કરી છે તેમણે છોડી મુકવામાં આવે.

### વધુ ૪૨ આરોપીઓની ધરપકડ

અડાલજમાં દૂધ ભરવા જેવી સામાન્ય બાબતે રબારી અને ઠાકોરો વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારે પરિસ્થિતિને ઠાળે પાડવા પહોંચેલી પોલીસ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો અને તે દિવસે ૮૨ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારે આજે વધુ ૪૨ આરોપીઓની પોલીસે ધરપકડ કરી હતી.

# યોગ્ય જાળવણીના અભાવે ચિલોડા સર્કલ પર પુનઃ કાર ચઢી ગઈ!

ચિલોડા, તા. ૨

તાલુકાના ચિલોડા મોટા સર્કલ પર મોડી રાત્રે હિંમતનગરથી અમદાવાદ જતી કાર ચઢી જતા અકસ્માત થવા પામ્યો છે. કારમાં સવાર તમામ લોકો સદનશીબે બચી જવા પામ્યા છે. અતિ મોટા સર્કલના કારણે આવી ઘટનાઓ બની રહી છે તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.

ગાંધીનગર તાલુકાના ચિલોડા ચાર રસ્તા પર દિવસ અને રાત્રી દરમિયાન મોટા પ્રમાણમાં ટ્રાફિક હોય છે. સાંકડા રસ્તાઓના કારણે અહીંયા અનેક અકસ્માતની ઘટનાઓ છાશવારે બની રહી છે. ત્યારે ગત મોડી રાત્રે હિંમતનગરથી અમદાવાદ તરફ જઈ રહેલ કાર જીજે-૧ એચ.એસ. ૩૬૨૪ સર્કલ પર ચઢી જતા અકસ્માત થવા પામ્યો છે.

ઉલ્લેખનીય છે કે અહીંયા અનેક વખત અકસ્માતો થવા પામ્યા છે. ત્યારે અહિંના નાગરિકોનું માનવુંછે કે ચિલોડા ચાર રસ્તા હોવાના કારણે ટ્રાફિકની સમસ્યા ખુબ જ રહેલ છે. સર્કલ પણ ખૂબ જ પ્રમાણમાં મોટું છે તેમજ સર્કલની યોગ્ય જાળવણીના અભાવને આવા અકસ્માતો બની રહ્યા છે.

સર્કલ પર મોટા પ્રમાણમાં ઝાંડી ઝાંખરા ઉગી નિકળ્યા છે જેને સમયાંતરે ટ્રીમીંગ કરવાની જરુર હોય છે. પરંતુ કયા કારણસર સર્કલની માવજત કરવામાં આવતી નથી તે એક સવાલ છે? ત્યારે લોકોનું માનવું છે કે જો સર્કલની સમયાંતરે જાળવણી કરવામાં આવે તો અકસ્માતો નિવારી શકાય છે.


(તસવીર : નટુભાઈ પટેલ)

# કોબા પાસે અવાવરૂ જંગલમાં જઈ પ્રેમી યુગલનો ગળે ફાંસો

### દશેક દિવસથી લાપતા સંતરામપુરના કપલે ગાંધીનગર પાસે આવીને જીવનલીલા સંકેલી

ગાંધીનગર, તા. ૨

મહિસાગર જિલ્લાના સંતરામપુર વિસ્તારમાં સ્થિત ઘાટીયા ગામનું એક પ્રેમી યુગલ ઘરેથી દશેક દિવસથી ગાયબ હતું. પ્રેમ સંબંધ લગ્ન સંબધમાં પરીણમે તેની આશાઓ ખુટી જતાં યુવક યુવતીએ સંતરામપુરથી છેક ગાંધીનગર નજીકના કોબા પાસે સ્થિત પીટીસી કોલેજ પાછળ અવાવરૂ ઝાડીઓમાં જઈ ગળે ફાંસો ખાઈને જીવનલીલા સંકેલી નાંખી હતી. ગઈ રાત્રે પ્રેમી યુગલના મૃતદેહ અંગે જાણ થતા ઈન્ફોસીટી પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

કોબા નજીક સ્થિત કસ્તુરબા પીટીસી કોલેજની પાછળ અવાવરુ જંગલમાં ઝાડ પર લટકીને આપઘાત કરેલી હાલતમાં યુવક યુવતી દેખાતા કસ્તુરબા કેન્દ્રના અરવિંદભાઈ રાવલે પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. ઈન્ફોસીટી પોલીસની ટીમે ઘટના સ્થળે પહોંચી તપાસ કરતા અંદાજે પાંચેક દિવસથી મૃતદેહ પડયા હોવાનું જાણવા મળ્યું હતું. મૃતદેહ જે પ્રકારે વિકૃત હાલતમાં તથા કોહવાયેલી હાલતમાં હતા તેના આધારે પાંચેક દિવસ પહેલા બંનેએ આપઘાત કર્યો હોવાનું પોલીસે તારણ કાઢયું હતું. યુવકના ખિસ્સામાંથી મળેલા મોબાઈલને આધારે તપાસ કરતાં બંનેની ઓળખ થઈ હતી. મહિસાગર જિલ્લાના સંતરામપુરના ઘાટીયાનો ૨૫ વર્ષીય યુવાન રાકેશ મનસુખભાઈ પટેલીયા અને ૨૧ વર્ષીય યુવતી સેજલ વિરસંગભાઈ પટેલીયાના મૃતદેહ હોવાનું બહાર આવ્યું હતું. વડોદરાના ગોત્રી પોલીસ સ્ટેશનમાં યુવતીના પિતાએ તેમની દીકરીને રાકેશ ભગાડી ગયો હોવા અંગેની ફરિયાદ પણ નોંધાવી હતી. પ્રેમી યુગલ ૨૨ જાન્યુઆરીથી લાપતા હતું.

સેજલ બે વર્ષ પહેલા કોબા પાસેની પીટીસી કોલેજમાં અભ્યાસ કરતી હોવાથી યુગલ ગાંધીનગર આવ્યું હોવાનું પોલીસને લાગી રહ્યું છે. ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી બંનેના પરિવારને જાણ કરી તપાસ શરુ કરી છે.



## અંબોડ અશ્વ મહોત્સવની સાથે સાથે...

# આવો, જાતવાન - પાણીદાર - ચુનંદા અશ્વોની અને અશ્વપાલકોની ઝલક મેળવીએ...

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અંબોડ ખાતે તા. ૨૮/૧/૨૦૧૫ થી અશ્વ મહોત્સવ યોજાયો છે.તા.૩/૨/૨૦૧૫ ના રોજ ગુજરાતના મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ઉપસથિતિમાં આ મહોત્સવનો સમાપન કાર્યક્રમ સંપન્ન થનાર છે.

આ અશ્વ મહોત્સવમાં ભારતના વિવિધ રાજયમાંથી, ગુજરાતના વિવિધ જિલ્લામાંથી અશ્વપાલકો પોતાના ચુનંદા અશ્વો સાથે ભાગ લઈ રહ્ના છે. મારવાડી, કાઠિયાવાડી, થરો, સિંધી અશ્વો આકર્ષણ જમાવી રહ્ના છે. ગુજરાત ઉપરાંત મધ્ય-દેશ, મહારાષ્ટ્ર, ઉત્તાર-દેશ, પંજાબ અને રાજસ્થાન રાજયના અશ્વપાલકો મહોત્સવમાં આવ્યા છે. આવો, કટેલાક અશ્વપાલકો અને એમના ચુનંદા અશ્વોની વિશિષ્ટતાઓ અંગેની ઝલક મેળવીએ (૧) અંબોડ અશ્વ મહોત્સવમાં જોધપુર(રાજસ્થાન) ના મહારાજા ગજસિંહજી અશ્વપાલનનો શોખ ધરાવે છે. તેમના પાંચ અશ્વો સુલતાન (૭-વર્ષ), દિલશાન (૮-વર્ષ), રાજતિલક (૯-વર્ષ) શહનશાહ (૭-વર્ષ) અને સમ્રાટ (૭-વર્ષ), મારવાડી નર ઘોડા અશ્વ મોહત્સવમાં આવ્યા છે. આ અશ્વો પૈકી ૨ બગી માટના ઉપયોગમાં લેવાતા તથા ૩ અશ્વસવારી-બ્રિડિંગ માટેના છે. મહારાજા ગજસિંહજીનું જોધપુર ખાતે મારવાડ સ્ટેટ નામનું અશ્વોનું ફાર્મ છે, તેઓ ૨૦ અશ્વો ધરાવે છે.

(૨) અંબાજી નજીકના દાંતા (સ્ટેટ) ના મહારાજા મહારાણા શ્રી મહિપેન્દ્રસિંહજી ૧૨ મારવાડી અશ્વોનું પાલન કરી રહ્ના છે. તેઓ આ અશ્વ મહોત્સવમાં એન્ડયુરન્સ રેસ માટે જજોની પેનલના જયુરી તરીકે પધાર્યા છે. છેલ્લાં ૨૫ વર્ષથી તેઓ મારવાડી અશ્વોના પાલનનો શોખ ધરાવે છે. મારવાડી અશ્વો સંદર્ભે તેઓ ભારતભરમાં છેલ્લા ૩૫ વર્ષથી જજ તરીકેની સેવા આપે છે. તેમની પાસેના અશ્વો રાઈડિંગ તથા બ્રિડિંગ માટે વિશેષ ઉપયોગી ગણાય છે. તેમના જણાવ્યા મુજબ આવતાં વર્ષોમાં મારવાડી અશ્વ આરબ ઘોડાની સરખામણી કરી શકશે. એ સ્તરે પહોંચવા તેઓ અને મારવાડી હોર્સ સોસાયટી -યત્નશીલ છે.

(૩) ભાયખલ્લા, મુંબઈથી ઝાકીરભાઈ માલવી ૨ ઘોડા અને ૪ ઘોડી એમ-૬ અશ્વો લઈને આવ્યા છે. ભીવંડીમાં ૨૨ ઘોડા-ઘોડીનું તેઓ પોતાનું ફાર્મ ધરાવે છે. શોખથી અશ્વપાલન કરી રહ્ના છે. તેઓ મુળ ઈગ્લેંડની નસલ એવા થોરો બ્રીડના, જે રાઈડિંગ-રેસ માટેના અશ્વો ગણાય છે., તેવો એક અશ્વ, એક કાઠિયાવાડી અને ૪ મારવાડી ઘોડી સાથે અંબોડ આવ્યા છે.

(૪) ગાંધીનગર જિલ્લાના ધણપ ગામના

● અનુસંધાન પાના - ૭ પર



# પેથાપુર ફાયરીંગ કેસમાં દાઉદની રીવોલ્વર જપ્ત

### ગુનામાં વપરાયેલી લાયસન્સ વાળી રીવોલ્વર દાઉદના ભાઈના ઘરેથી અને બાઈક બોર કુવા પાસેથી મળી આવ્યુ : બીજા આરોપીની શોધખોળ ચાલુ

ગાંધીનગર, તા. ૨

પેથાપુરના બુટલેગર સ્ટેલી ઉપર ફાયરીંગ કરનાર લીસ્ટેડ જુગારી જીતેન્દ્રસિંહની ધરપકડ બાદ પોલીસે ગુનામાં વપરાયેલા હથિયારની શોધખોળ શરુ કરી હતી. ગઈ રાત્રે પોલીસે આરોપી દાઉદ ઉર્ફે જીતેન્દ્રસિંહના ભાઈના ઘરેથી ગુનામાં વપરાયેલું હથિયાર (રિવોલ્વર) કબ્જે કર્યું છે. રિવોલ્વરનું લાયસન્સ પણ દાઉદ પાસે હોવાનું ખુલ્યું છે. પેથાપુર પોલીસે ફરાર બીજા આરોપીની પણ શોધખોળ શરુ કરી છે.

પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાએ દાઉદ અને બીજા સાગરીત વિક્રમસિંહ એ મળીને સ્ટેલી પર કરેલા ફાયરીંગ પ્રકરણની તપાસ શરુ કર્યા બાદ દાઉદની ધરપકડ કરી રિવોલ્વર અંગે સઘન પુછપરછ કરી હતી. દરમિયાન કેનાલમાં રિવોલ્વર ફેંકી દીધી હોવાની કેફીયતને પગલે પોલીસે ફાયરબ્રિગેડની મદદથી કેનાલમાં પણ તપાસ કરી હતી અંતે દાઉદના ભાઈના ઘરેથી જ લાયસન્સવાળી ગુનામાં વપરાયેલી રીવોલ્વર મળી આવતા પોલીસે જપ્ત કરી લીધી છે. તે ઉપરાંત ગુનામાં વપરાયેલા વિક્રમસિંહના સ્પ્લેન્ડર બાઈકને પણ તેના બોરકુવા પરથી જપ્ત કરી લેવામાં આવ્યું છે. પેથાપુર પોલીસે હવે નાસતા ફરતા દાઉદના સાગરીત વિક્રમસિંહને શોધી કાઢવા તજવીજ શરુ કરી છે.

# મતદાનના દિવસે સ્થાનિક કક્ષાએ ક્લેક્ટર દ્વારા રજા જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૨

આગામી સમયમાં તા.૦૮-૦૨-૨૦૧૫ના રોજ રાજયમાં યોજાનાર મહાનગરપાલિકા અને નગરપાલિકાઓની પેટાચૂંટણીઓમાં મતદાનના દિવસે ચૂંટણી વિસ્તારની રાજયની સરકારી કચેરીઓ, પંચાયત, કોર્પોરેશન, અનુદાન મેળવતી સંસ્થાઓ-શાળાઓ અને કોલેજ સહિતની સંસ્થાઓમાં કલેકટર દ્વારા સ્થાનિક સ્તરે રજા જાહેર કરવામાં આવશે.

વધુમાં મતદાનના દિવસે ગ્રામિણ બેન્ક, રેલવે, ટેલિફોન, ટેલિગ્રાફ અને પોષ્ટ ઓફિસો, દુકાનો અને વ્યાપારી સંસ્થાઓ, હોટેલ્સ, ઔદ્યોગિક એકમો, ફેકટરીઓ, હોસ્પિટલ્સ, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડનાકર્મચારીઓને મતદાન માટે કચેરી સમય દરમિયાન મતદાન માટે યોગ્ય સમયની છુટ્ટી આપવી, કચેરી સમય પૂર્ણ થયા પહેલાં મતદાન માટે રજા આપવી કે મતદાન કરીને કચેરીએ મોડા આવવાની મંજૂરી આપવાની રહેશે તેમ સામાન્ય વહીવટ વિભાગના એક પરિપત્રમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી તા.૦૮-૦૨-૨૦૧૫ના રોજ અમદાવાદ મહાનગરપાલિકાની વોર્ડ નં-૪૩ તેમજ માંગરોલની વોર્ડ- નં-૫, લુણાવાડાની વોર્ડ નં-૮, જેતપુર-નવાગઢની વોર્ડ નં-૧, ગાંધીનગર-પેથાપુરની વોર્ડ નં-૭, ચકલાસીની વોર્ડ નં-૧, અને અમદાવાદના ધોળકા નગરપાલિકાની વોર્ડ નં-૧ એમ કુલ ૧-મહાનગરપાલિકા અને ૬-નગરપાલિકા વોર્ડની બેઠકો માટે પેટાપૂંટણી યોજાશે.

## ચિલોડામાં આજે સુંદરકાંડ પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ચિલોડા સ્થિત ચંચીબેન ગિરધરભાઈ પટેલની જીવનચર્યા નિમિત્તે કનૈયાલાલ બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ આજ રોજ મંગળવાર રાત્રે ૮-૦૦ કલાકે તેમના નિવાસસ્થાન ડહેલાવાળા ફાર્મ ચિલોડા મોટા જી. ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા ભકતજનોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૦
સૂર્યાસ્ત : ૬.૩૦

### તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૨ ટકા ● સાંજે ૪૦ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

ખામોસીયાં : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સ્ક્રીન-૨ :

બેબી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

હવાઈજાદા : ૧૧.૦૦, ૧.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

આઈ : ૪.૦૦

**સિનેમેક્સ,**

: સ્ક્રીન-૧ :

૩ડી સેવન્થ સન (હિન્દી) : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૪૦, ૮.૦૫, ૧૦.૩૦

બેબી : ૨.૨૫

: સ્ક્રીન-૨ :

બેબી : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

ખામોસીયાં : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

સ્ક્રીન-૪ :

હવાઈજાદા : ૯.૦૫, ૧૨.૨૦, ૩.૩૫, ૬.૫૦, ૧૦.૦૫

### આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

### ચિરવિદાય

- સ્વ. પટેલ મધુબેન નરેશભાઈ (ઉ.વ.૪૮) ૩૩-મૈત્રી એવન્યુ, રાંધેજા રોડ, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર બબાજી અલુજી (ઉ.વ.૭૫) મુ. રાજપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર ધનજીભાઈ ભીખાભાઈ (ઉ.વ.૪૫) ૪૭૭, ઈન્દિરાનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ.કમળાબેન રતિલાલ શિહોરા (ઉ.વ.૭૭) એમ-૪૫/૫૩૬, સત્યમ એપાર્ટમેન્ટ, સે-૨૪, ગાંધીનગર